દેશમાં કોરોનાનો વિસ્ફોટ, વધુ ૨૨ હજાર કેસ

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૧૧૦૫૮૬૬	૫૨૫૫૧૧	૬૧૫૯૨૧
ભારત	૬૩૮૦૩૯	૧૮૩૯૯	૩૮૬૭૩૬
ગુજરાત	૩૪૬૮૬	૧૯૦૬	૨૪૯૪૧
ગાંધીનગર	૭૭૮	૫૩	૫૧૮

પોઝિટિવ કેસનો આંકડો ૬.૨૫ લાખને પાર,વધુ ૩૭૯ના મોત સાથે મૃત્યુઆંક ૧૮,૨૨૫એ પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૧

અનલોક-૧ની જેમ અનલોક-૨માં પણ કેસો વધી રહ્યાં હોય તેમ છેલ્લાં ૨૪ કલાકમાં ૨૨ હજાર જેટલા કેસો નોંધાયા હતા આ આંકડો એક દિવસમાં સૌથી વધુ છે. તો તેની સાથે વધુ ૩૭૯ કોરોનાગ્રસ્ત દર્દીઓના મોત થયા હતા. મહારાષ્ટ્ર બાદ તામિલનાડુમાં સૌથી વધારે કેસો નોંધાયા હતા. અનલોક-૨માં અગાઉ કરતાં વધારે છૂટછાટ આપવાથી અને લોકોની કથિત બેદરકારીને કારણે સંક્રમણ વધી રહ્યું હોવાનું અનુમાન છે. તે સાથે જે કોરોનાના કુલ કેસોની સંખ્યા કોવિડ વેબસાઇટ પ્રમાણે, ૬,૨૭,૦૬૩ પર પહોંચી છે. સારવાર હેઠળાના કેસો એટલે કે એક્ટીવ કેસોની સંખ્યા ૨,૨૮,૭૬૮ અને સાજા થયેલા લોકોની સંખ્યા ૩,૭૯,૯૯૭ થઇ છે. વધુ ૩૭૯ લોકોના મોત સાથે કુલ મોતનો આંકડો ૧૮,૨૩૨ પર પહોંચી ગયો છે. આજે સવારે દિલ્હીમાં કેસો વધીને ૯૨,૧૭૫, તામિલનાડુમાં ૯૮,૩૯૩ અને મહારાષ્ટરમાં ૧,૮૬,૬૨૬ કેસો નોંધાયા હતા. ૨, જુલાઇ સુધી કુલ ૯૨,૯૭,૭૪૯ લોકોના ટેસ્ટ કરાવવામાં આવ્યાં છે. બીજી તરફ, નવી મુંબઈ, પનવેલ અને ઉલ્હાસનગરમાં આજથી ૧૦ દિવસનું લોકડાઉન શરૂ કરવામાં આવ્યું છે. જ્યારે, ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૭૨ ટકાએ પહોંચ્યો છે. જેને એક સારી બાબત તરીકે જોવામાં આવી રહ્યું છે.

જ્યારે, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે શુક્રવારે કોરોનાના જાહેર કરેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦હજાર ૯૦૩ કેસ સામે આવ્યા અને ૩૭૯ લોકોના મોત થયા હતા. આ સાથે દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા વધીને ૬ લાખ ૨૫ હજાર ૫૪૪ થઈ ગઈ છે. જેમાંથી ૨ લાખ ૨૭ હજાર ૪૩૯ એક્ટિવ કેસ છે. સાથે જ ૩ લાખ ૭૯ હજાર ૮૯૨ દર્દી સાજા થઈ ચુક્યા છે. અત્યાર સુધી ૧૮ હજાર ૨૧૩ લોકોના મોત થયા છે.

વેબ અનુસાર, દેશભરમાં ૬ લાખ ૨૭ હજારથી વધુ લોકો કોરોનાના સંકજામાં આવ્યા છે. અને ૧૮ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. સાથે જ ૩ લાખ ૭૯ હજારથી વધુ દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે. જોકે કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે એક રાહતરૂપ બાબત એ પણ છે કે, દેશમાં ૧૫ ઓગસ્ટે કોરોનાની વેક્સીન લોન્ચ થઈ શકે છે. આ વેક્સિનને ફાર્માસ્યુટીકલ કંપની ભારત બાયોટેકે (Bharat Biotech) તૈયાર કરી છે. ભારત બાયોટેક અને ICMR તરફથી વેક્સિન લોન્ચિંગની શક્યતા છે. તે ઉપરાંત ગુજરાતની ઝાયડસ કેડિલા કંપનીને વેક્સીનના પહેલા અને બીજા તબક્કાના ક્લીનિકલ ટ્રાયલની મંજૂરી આપવામા આવી છે.

દેશમાં કુલ કેસોમાંથી ૧ લાખ ૮૬ હજારથી વધુ દર્દીઓ તો માત્ર મહારાષ્ટ્રમાં જ છે, જ્યાં ૮ હજારથી વધુ લોકોના મોત થયા છે. તમિલનાડુમાં ૯૮ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે અને ૧ હજારથી વધુ લોકોના જીવ ગયા છે.

જ્યારે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે(ICMR) શુક્રવારે જણાવ્યું કે, ભારત બાયોટેકે કોવિડ-૧૯ની દવા બનાવી લીધી છે.

રાજ્યમાં કોરોનાનો હાહાકાર, નવા ૬૮૭ કેસ

રાજ્યમાં ૨૪ કલાકમાં કુલ ૧૮નાં મોત : રાજ્યમાં કુલ આંક ૩૪ હજારને પાર, મૃત્યુઆંક ૧૯૦૦થી વધુ : અમદાવાદ અને સુરતમાં સરખા ૨૦૪ કેસ નોંધાયા

ગાંધીનગર,તા.૩

રાજ્યમાં સતત એક સપ્તાહથી કોરોના પોઝીટીવનો આંકડો ૬૦૦ને ઉપર જઈરહ્યો છે. આજે વીતેલા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૭૮૦૮ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૬૮૭ કેસો પોઝીટીવ આવ્યા હતા. રાજ્યમાં આ સાથે કોરોના સંક્રમીતનો કુલ આંકડો ૩૪ હજારને પાર થઈ ૩૪૬૮૬ પર પહોંચ્યો છે. જ્યારે આજે વધુ ૧૮ના મોત કોરોનાને લીધે થતા કુલ મૃત્યુઆંક ૧૯૦૦ને પાર થઈ ૧૯૦૬ થયો છે. રાજ્યમાં આજે ૩૪૦ દર્દીઓ ડીસ્ચાર્જ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૨૪૯૪૧ લોકો કોરના મુક્ત થયા છે. હાલની સ્થિતિએ રાજ્યમાં ૬૧ દર્દીઓ વેન્ટીલેટર પર સારવાર લઈ રહ્યા છે. તે સાથે એક્ટીવ કેસ કોરોનાના ૭૮૩૯ છે. રાજ્યમાં સતત કોરોના સંક્રમણના કેસો સતત વધતા જાય છે. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૮ મોત નોંધાયેલ છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૦, સુરત કોર્પોરેશનમાં અને જિલ્લામાં ૨, પંચમહાલમાં ૧ અને ખેડામાં ૨ મોત નોંધાયા છે. રાજ્યમાં આજે અમદાવાદ શહેર અને ગ્રામ્ય તેમજ સુરત શહેર અને ગ્રામ્યમમાં કોરોના પોઝીટીવીના એક સરખા ૨૦૪ કેસ નોંધાયા હતા. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૯૫ અને જિલ્લામાં ૯ કેસ કોરોના પોઝીટીવના નોંધાવા સાથે શહેરમાં કુલ સંક્રમીતોનો આંકડો ૨૧૫૪૩ થયો છે. શહેરમાં કોરોનાને લીધે વધુ ૧૦ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક અમદાવાદમાં ૧૪૬૬ થયો છે. સુરતમાં આજે ૧૯૦ અને ગ્રામ્યમમાં ૧૪ કેસો કોરોનાના નોંધાતા કુલ કેસ ૨૪ કલાકમાં ૨૦૪ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. સુરતમાં આ સાથે કોરોના સંક્રમીતનો કુલ આંકડો ૫૪૬૧ થયો છે અને વધુ ૫ મોત સાથે મૃત્યુઆંક ૧૭૨ પર પહોંચ્યો છે. વડોદરામાં સતત સપ્તાહથી ૫૦ ઉપર કોરોના પોઝીટીવના કેસ નોંધાયા છે. આજે વડોદરા શહેરમાં ૫૦ અને જિલ્લામાં ૧૨ સાથે ૬૨ કેસો કોરોનાના નોંધાયા હતા. આ સાથે કુલ સંક્રમીતનો આંકડો વોડદરામાં ૨૪૪૩ થયો છે. ગાંધીનગર કોર્પોરેશન-૯ અને જિલ્લામાં ૭ સાથે ૧૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા છે. આ સાથે ગાંધીનગરમાં કોરોના સંક્રમીતનો આંકડો ૬૯૩ થયો છે.

રાજ્યના ૮ કોર્પોરેશન અને ૨૯ જિલ્લામાં કોરોના પોઝીટીવના કેસો નોંધાયા છે. આજે જુનાગઢ કોર્પોરેશનમાં ૨૪ અને જિલ્લામાં ૨, ખેડા અને સુરેન્દ્રનગરમાં ૧૪-૧૪, ભરૂચ અને પંચમહાલમાં ૧૩-૧૩, જામનગર કોર્પોરેશનમાં ૧૨ અને જિલ્લામાં ૧, ભાવનગર કોર્પોરેશનમાં ૧૧ અને જિલ્લામાં ૧૦, પાટણમાં ૧૧, આણંદ ૯, બનાસકાંઠા ૮, મહીસાગર ૭, રાજકોટ કોર્પોરેશન ૬ અને જિલ્લામાં ૪, વલસાડ અને નવસારી ૬-૬, મહેસાણા, સાબરકાંઠા અને કચ્છ-૫, નર્મદા અને તાપી ૩-૩, બોટાદ અને મોરબી ૨-૨, અરવલ્લી, ગીર-સોમનાથ, દાહોદ, જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદરમાં ૧ કેસ નોંધાયો છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૩,૯૫,૮૭૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લામાં આજની તારીખે ૨૫૬૦૨૭ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૫૨૯૮૬ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટાઈન કરાયા છે અને ૩૦૪૧ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન કરાયા છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૧૫૪૩	૧૪૬૭	૧૬૩૮૫
સુરત	૫૪૬૧	૧૭૮	૩૭૦૭
વડોદરા	૨૪૪૩	૫૧	૧૭૭૮
રાજકોટ	૩૨૦	૦૮	૧૨૮
ગાંધીનગર	૬૯૩	૩૧	૫૧૮
ભાવનગર	૩૦૨	૧૩	૧૫૨
કચ્છ	૧૭૫	૦૫	૯૬
મહેસાણા	૩૧૦	૧૨	૧૫૬
ગીર-સોમનાથ	૮૧	૦૧	૪૮
પોરબંદર	૨૧	૦૨	૧૩
પંચમહાલ	૨૦૦	૧૬	૧૪૫
પાટણ	૨૨૯	૧૬	૧૧૮
છોટાઉદેપુર	૬૦	૦૨	૪૩
જામનગર	૨૫૮	૦૪	૧૧૮
મોરબી	૩૧	૦૧	૧૭
સાબરકાંઠા	૧૮૭	૦૮	૧૧૯
આણંદ	૨૪૧	૧૩	૨૦૨
દાહોદ	૬૫	૦૧	૪૬
ભરૂચ	૨૬૬	૧૦	૧૩૧
બનાસકાંઠા	૨૧૦	૧૧	૧૫૮
ખેડા	૧૮૭	૧૦	૧૧૯
બોટાદ	૯૭	૦૩	૬૫
નર્મદા	૯૪	૦૦	૫૯
અરવલ્લી	૨૧૫	૧૯	૧૭૨
મહીસાગર	૧૪૭	૦૨	૧૧૮
નવસારી	૧૩૧	૦૨	૬૧
તાપી	૧૨	૦૦	૦૮
વલસાડ	૧૭૯	૦૪	૬૩
જૂનાગઢ	૧૪૭	૦૪	૫૭
સુરેન્દ્રનગર	૧૮૦	૦૮	૮૪
દેવભૂમિ દ્વારકા	૨૫	૦૨	૧૬
ડાંગ	૦૪	૦૦	૦૪
અમરેલી	૯૫	૦૮	૪૨
કુલ	૩૪૬૮૬	૧૯૦૬	૨૪૯૪૧

દેશની પહેલી કોરોનાની વેક્સીનની ટ્રાયલનું પરિણામ ૧૫ ઑગસ્ટ સુધી

નવી દિલ્હી, તા. ૩

દુનિયાભરના તમામ દેશો કોરોના વાયરસ બીમારીની રસી શોધવા તરફ આગળ વધી રહ્યા છે. આ દરમિયાન ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના ડાયરેક્ટર જનરલ બલરામ ભાર્ગવે સ્વદેશી કોવિડ-૧૯ વેક્સીનની ટ્રાયલ પ્રક્રિયા જલદી પૂરી કરવા માટે ભારત બાયોટેક અને મેડિકલ કોલેજોના પ્રિન્સિપલ ઈન્વેસ્ટીગેટર્સને પત્ર લખ્યો છે. જેનાથી ક્લિનિકલ ટ્રાયલનું પરિણામ ૧૫ ઓગસ્ટ સુધી જાહેર કરી શકાય. આઈસીએમઆર એ બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડની સાથે મળીને સ્વદેશી કોવિડ-૧૯ વેક્સીન(BBV152 COVID વેક્સીન) વિકસિત કરી છે. બલરામ ભાર્ગવે પોતાના પત્રમાં લખ્યું છે કે, આ ભારત દ્વારા બનાવવામાં આવેલી સૌથી પહેલી સ્વદેશી વેક્સીન છે અને સર્વોચ્ચ પ્રાથમિકતાવાળા પ્રોજેક્ટ પૈકી એક છે, જેની દેખરેખ કેન્દ્ર સરકારના ટોપ સ્તર પર કરવામાં આવી રહી છે. આઈસીએમઆર એ આ વેક્સીનના ક્લીનકલ ટ્રાયલ માટે ૧૨ સંસ્થાઓની પસંદગી કરી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના ડાયરેક્ટર જનરલ બલરામ ભાર્ગવે પોતાના પત્રમાં લખ્યું છે કે, BBV152 કોવિડ વેક્સીનની ક્લિનિકલ ટ્રાયલ સાઈટના રુપમાં પસંદ કર્યા છે. કોવિડ-૧૯ મહામારી અને તાત્કાલિકતાના કારણે જાહેર સ્વાસ્થ્ય ઈમરજન્સીને ધ્યાનમાં રાખીને, વેક્સીનને લોન્ચ કરવા માટે તમે આકરી સલાહ આપવામાં આવે છે કે ક્લિનિકલ ટ્રાયલની શરુઆત સંદર્ભે સંબંધિત તમામ મંજૂરીનો ફાસ્ટ ટ્રેક કરો. અત્રે નોંધનીય છે કે, તાજેતરમાં હૈદરાબાદની દવા ઉત્પાદક કંપની ભારત બાયોટેકને કોવેક્સિન ને ફેઝ-૧ અને ફેઝ-૨ના હ્યુમન ટ્રાયલ માટે ડીસીજીઆઈ મંજુરી મળી હોવાનો દાવો કર્યો હતો.

કંપનીએ જુલાઈ મહીનાના પહેલા સપ્તાહમાં જ ટ્રાયલનું કામ શરૂ થઈ જશે અને ભારત બાયોટેક રસી બનાવવિના મુદ્દે એક અનુભવી કંપની છે. કેમ કે ભારત બાયોટેક કંપનીએ પોલિયો, હડકવા, રોટાવાયરસ, જાપાની ઈનસેફ્લાઈટિસ, ચિકનગુનિયા અને ઝિકા વાયરસ માટે પણ રસી તૈયાર કરી છે. હવે કોરોના વાયરસ બીમારી માટે ૭મી જુલાઈથી હ્યુમન ટ્રાયલ માટેનું એનરોલમેન્ટ શરૂ થઈ શકે છે. ત્યાર બાદ ચરણબદ્ધ રીતે ટ્રાયલ કરાશે અને આ ટ્રાયલ સફળ થશે તો ૧૫મી ઓગસ્ટના રોજ વેક્સિન લોન્ચ કરી દેવામાં આવશે.

વરસ્યા નહી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આકાશમાં વિજળીના ચમકારા થવા માંડયા હતા. પલવારમાં મોસમનો નઝારો બદલાઇ ગયો હતો. આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો વચ્ચે વાદળ ગર્જના અને વિજકડાકા સાથે વરસાદી છાંટણા વરસવાનુ શરૂ થયુ હતુ. અસહ્ય વિજકડાકાથી નગરજનો બેઘડી ગભરાયા હતા. આ પુર્વે પણ ગત મહીના દરમિયાન અચાનક જ વહેલી સવારે આક્રમક વિજકડાકા વચ્ચે તોફાની વરસાદે શહેરને ઘમરોળ્યુ હતુ. જયારે આજે પણ સાંજે વરસાદનુ સ્વરૂપ તોફાની જોવા મળ્યુ હતુ. બેઘડી માટે ભારે વરસાદ વરસશે તેવી આશા પણ નગરજનોમાં બંધાઇ હતી. વરસાદના ભારે ઝાપટા સાથે જ શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઇ ગયા હતા. જયારે નગરના જનજીવન પર પણ વાતાવરણ પલ્ટની અસર વર્તાઇ હતી. સાંજના સમયે અચાનક જ વરસાદી ઝાપટાના લીધે મુખ્યમાર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. જયારે વાતાવરણમાં પણ થોડીવાર માટે અનોખી ઠંડક છવાઇ ગઇ હતી. જો કે થોડીવારમાં જ વરસાદ અટકી ગયો હતો અને પવન તેમજ વિજકડાકા પણ અદ્રશ્ય થઇ ગયા હતા. થોડવારમાં જ વાતાવરણ સામાન્ય બની ગયુ હતુ. ચોમાસાના આગમને મેઘરાજા હાથતાળી આપી ગયા હતા. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૭૬ થી ૯૬ ટકા નોંધાયુ હતુ. ગાજયા મેઘ વરસ્યા ન હતા જયારે વરસાદી ઝાપટા સાથે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ પુન : જીવીત થઇ હતી. સાંજના વાતાવરણ પલ્ટાના અંતે ૯ મી મી વરસાદ વરસ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો સવા પાંચ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

વધુ ૧૫ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કુડાસણ, લીંબડીયા અને વાવોલમાંથી આજે મહિલાઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જ્યારે મહુન્દ્રામાંથી એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. દરમિયાન આજે કલોલમાંથી ૧૧ કેસ મળી આવ્યા છે. કલોલ શહેરમાંથી ૪ અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૭ કેસ મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે કલોલ નજીક ઔદ્યોગિક વિસ્તાર ગણાતા સઈજમાંથી એક જ પરિવારના ૪ દર્દીઓનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત ગોલથરા, રાંચરડા અને છત્રાલમાંથી ૩ મહિલાઓના રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. કલોલ અર્બન વિસ્તારમાંથી પણ ૪ કેસ મળી આવ્યા છે જેમાં બે કેસ અર્બન વિસ્તાર-૧ અને બે કેસ અર્બન-૨ વિસ્તારના હોવાનું જાણવા મળેલ છે. કલોલમાં આજે નોંધાયેલ ૧૧ કેસોમાં ૬ કેસ મહિલા દર્દીઓના છે. કલોલ એ જિલ્લામાં ઔદ્યોગિક રીતે અગ્રેસર ગણવામાં આવે છે. અહિ નાના મધ્યમ અને લઘુ ઉદ્યોગો વધુ વિકાસ પામેલા છે. આ ઉપરાંત જીઆઈડીસી પણ સારી રીતે વિકસેલ છે. આ ઔદ્યોગિક એકમોમાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કડક રીતે થાય તે પણ જરૂરી બન્યુ છે. કલોલમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતા વધુ ઘેરી બની છે. મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારના વધુ ૭ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં હાલ ૧૫,૪૩૬ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૫૦૦ને પાર કરી ગઈ છે. જે રીતે ગ્રીન ઝોન ગણાતા ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે.

સ્કેચબુકમાં કેદ...

● ત્રીજા પાનાનું ચાલુ

ચુકેલાં બિપિન સથવારા ઘણા બધા સેમિનાર્સમાં કળાના કામણ પાથરી ચુક્યાં છે. તેઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સામયિક ''બાળ વિશ્વ''ના ચિત્રાંકન કરવા સાથે ઈલ્યુસ્ટ્રેટર્સ તરીકે સેવાઓ આપે છે તેમજ ''ફિગરેટિવ પેઈન્ટિંગ્સ' ક્ષેત્રે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક પ્રતિભાઓના ચિત્રો દોરવાનું કામ કરી ચુક્યાં છે. વલ્લભ વિદ્યાનગરમાં ''વૃક્ષો વાવો અને સ્વચ્છતા જાળવો'' જેવા અભિયાન અંતર્ગત વૉલ પેઈન્ટિંગમાં પણ યોગદાન આપી ચુકેલાં બિપિન સથવારાનું માનવું છે કે ''સમયાંતરે જ્યારે ભવિષ્યમાં કોરોના મહામારીને સમજવા પ્રયાસ કરાશે ત્યારે તેમની ચિત્રકળા થકી કરવામાં આવેલો આ પ્રયાસ દસ્તાવેજ બની શકે છે.''

સ્કેચમાં ચહેરા પર ''માસ્ક'' હોવું ફરજિયાત

ચિત્રકાર બિપિન સથવારાએ લોકડાઈનની અસરોને પેન્સિલ સ્કેચ દ્વારા સ્કેચબુકમાં કેદ કરવાના હાથ ધરેલા પ્રયાસમાં ૫૦૦ વ્યક્તિઓના સ્કેચ બનાવવાનું બીડું ઝડપ્યુ છે. આ માટે તેઓ દરરોજ સવારે અને સાંજે બે સમયે ડ્રોઈંગ કરે છે અને અંદાજે દરરોજ ચારથી પાંચ વ્યક્તિઓના સ્કેચ બનાવે છે. અત્યાર સુધીમાં તેઓ ૫૦ જેટલા સ્કેચ બનાવી ચુક્યા છે. તેઓ જે વ્યક્તિનું સ્કેચ બનાવે છે તે માસ્ક સાથે હોય તેની ખાસ તકેદારી રાખે છે.

બનાસકાંઠામાં વધુ દસ પોઝિટિવ કેસ નોંધાતા ફફડાટ

ડીસામાં ૫, પાલનપુરમાં ૨, દાંતા ૧, પટોસણ ૧, ચંડીસરમાં ૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના દર્દીઓ દિન પ્રતિદિન વધી રહ્યા છે. જ્યાં શુક્રવારે વધુ ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા હતા. ડીસામાં ૫, પાલનપુરમાં ૨, દાંતા ૧, પટોસણ ૧, ચંડીસરમાં ૧ રિપોર્ટ પોઝિટિવ નવા કેસ સામે આવતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે.

બનાસકાંઠા જિલ્લામાં એક સપ્તાહથી દિવસથી કોરોના વાયરસ બે કાબુ બન્યો છે. આવી સ્થિતિમાં ગુરુવારે સાંજે અને શુક્રવારે વધુ ૧૦ કેસ નોંધાતા પ્રજાજનોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનિષ ફેન્સીએ જણાવ્યું હતુ કે, ડીસામાં ૫, પાલનપુરમાં ૨, દાંતા ૧, પટોસણ ૧, ચંડીસરમાં ૧ રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. જેમને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા પરિવાર તેમજ અન્ય લોકોને હોમ કોરેન્ટાઇન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે. તેને કન્ટેઇન્ટમેન્ટ એરિયા જાહેર કરી દેવામાં આવ્યા છે દરમિયાન જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૪૭ પહોંચી છે. જ્યારે કુલ મૂર્તયુઆંક ૧૨ થયો છે.

યુગ સમાપ્ત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

લદ્દાખમાં ચીની હરકતો પર કટાક્ષ કરતા પીએમ મોદીએ કહ્યું કે વિસ્તારવાદનો જમાનો જતો રહ્યો છે, વિકાસવાદનો સમય છે. પીએમ મોદીએ ચીનને ચેતવ્યું કે આવી શક્તિઓ નાશ પામે છે.

વડાપ્રધાન મોદીએ ચીનને ખરુંખરું સંભળાવતા કહ્યું કે, ''વિસ્તારવાદનો યુગ ખત્મ થઈ ગયો છે અને વિકાસવાદનો યુગ છે. ઝડપથી બદલાતા સમયમાં વિકાસવાદ જ પ્રાસંગિક છે. વિકાસવાદ માટે અવસર છે એ જ વિકાસનો આધાર છે. ગત સદીમાં વિસ્તારવાદે માનવજાતિનો વિનાશ કર્યો. કોઈ પર વિસ્તારવાદની જીદ સવાર હોય તો હંમેશા તે વિશ્વ શાંતિ માટે ખતરો છે.'' પીએમ મોદીએ કહ્યું કે, ''ઈતિહાસ સાક્ષી છે કે આવી તાકાતો નષ્ટ થઈ જાય છે.'' ઉલ્લેખનીય છે કે ચીન સમય-સમયે લદ્દાખ, અરૂણાચાલનાં વિસ્તારો પર પોતાનો દાવો કરતુ રહે છે. એટલું જ નહીં હાલમાં રશિયા અને ભૂટાનની જમીન પર પણ તેણે પોતાનો દાવો કર્યો હતો.

જવાનો સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, ''આપણે વાંસળીવાળા શ્રીકૃષ્ણની પૂજા કરીએ છીએ. તો સુદર્શનચક્રધારી કૃષ્ણને પણ આદર્શ માનીએ છીએ.'' પીએમ મોદીએ કહ્યું કે, ''જ્યારે જ્યારે રાષ્ટ્ર રક્ષાનાં નિર્ણયો પર વિચારું છું ત્યારે સૌથી પહેલા બે માતાઓને યાદ કરું છું. સૌથી પહેલા આપણી ભારત માતા, બીજી આપણી વીર માતાઓ જેમણે સૈનિકોને જન્મ આપ્યો છે.'' ત્યારબાદ પીએમ મોદીએ કહ્યું કે, ''જવાનોનાં સુરક્ષા ઉપકરણો અને હથિયારોની દરેક સંભવ મદદ કરવાનો પ્રયત્ન સરકાર કરી રહી છે.'' પીએમ મોદીએ કહ્યું કે, ''અમે સશસ્ત્રદળોની જરૂરિયાતો પર સંપૂર્ણ ધ્યાન આપી રહ્યા છીએ.''

વડાપ્રધાન મોદીએ જવાનોનો ઉત્સાહ વધારતા કહ્યું કે, તેમની ભુજાઓ પથ્થરો જેવી છે. ત્યારબાદ પીએમ મોદી બોલ્યા કે, દુશ્મનોએ જવાનોનો જોશ અને ગુસ્સો જોઇ લીધો છે. જવાનોની પ્રશંસામાં પીએમ મોદીએ કહ્યું, ''તમે જે વીરતા હાલમાં જ બતાવી છે તેનાથી વિશ્વમાં ભારતની તાકાતને લઈને એક સંદેશ ગયો છે. તમારા (જવાનો) અને તમારા મજબૂત સંકલ્પનાં કારણથી આત્મનિર્ભર ભારત બનવાનું આપણો સંકલ્પ મજબૂત થયો છે.'' પીએમ મોદીએ કહ્યું કે, ''તમારી ઈચ્છાશક્તિ હિમાલય જેવી મજબૂત અને અટલ છે, દેશને તમારા પર ગર્વ છે. તમારા સન્માન, તમારા પરિવારના સન્માન અને ભારત માતાની સુરક્ષાને દેશ સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. સેના માટે આધુનિક હથિયાર હોય અથવા તમારી ચીજ વસ્તુ અમે આની પર ધ્યાન આપીએ છીએ. બોર્ડર ઈન્ફ્રાસ્ટક્ચર પર ખર્ચ લગભગ ૩ ગણો કરી દેવાયો છે.

વધુ ૭ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે નોંધાયેલા કેસોમાં પણ અમદાવાદ કનેક્શન અને લોકલ ટ્રાન્સમિશન જ જોવા મળી રહ્યુ હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે જો કે તંત્ર કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયાનો આડકતરો એકરાર પણ કરી રહ્યુ છે. અમદાવાદ દૂરદર્શનમાં નોકરી કરતી એક ૩૩ વર્ષીય મહિલા જે સે. ૨૯ માં રહે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીના પરિવારમાં ચાર સભ્યો છે તે તમામને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલા દર્દીએ સરકારની ગાઈડલાઈન પ્રમાણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિતમાં બાંહેધરી આપતાં તંત્રએ તે મંજૂરી પણ આપી છે. સે. ૨૪ માંથી આજે પુનઃ કોરોનાએ માંથુ ઉંચકતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. આજે આ સેક્ટરમાંથી ૩ કેસ મળી આવ્યા છે. સે. ૨૪ ના શ્રીનગરમાં રહેતા અને દાબેલીની લારી ચલાવતા એક ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરી પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૪ ના ડબલડેકરમાંથી એક ૬૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તંત્રએ સારવાર માટે તેણીનીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. આ ઉપરાંત સે. ૨૦ માં અક્ષરધામ સામે પાનનો ગલ્લો ધરાવતા અને સે. ૨૪ ના આદર્શનગરમાં રહેતા એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના ઘરમાં રહેતી ૩ વ્યક્તીઓને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે. સે. ૧૨ માં રહેતા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની નવરંગપુરા બ્રાન્ચમાં ફરજો બજાવતા એક ૩૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીના ઘરની ૩ વ્યક્તીઓને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સે. ૨-એ માં રહેતા અને પ્રાઈવેટ ફાયનાન્સનો બિઝનેસ કરતા એક ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તેને મંજૂરી આપેલ છે. આ ઉપરાંત થર્મલ પ